સુવિચાર : લગ્ન કરવાના ઉદ્દેશ માટે સુંદર શરીર જોઈએ.. અને લગ્ન ટકાવવાના ઉદ્દેશ માટે સુદર મન જોઈએ - જય વસાવડા

તાપમાન
મહત્તમ : ૩૫.૫ ડીગ્રી
લઘુતમ : ૨૦.૮ ડીગ્રી
ભેજ
સવારે ૬૪ ટકા ● સાંજે ૪૧ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૩૪ | ૩ નવેમ્બર, ૨૦૧૫, મંગળવાર ; આસો વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

- રાજનની કલાકો સુધી પુછપરછ બાદ ભારત લાવવા તખ્તો તૈયાર
- પિતાની સંપત્તિમાં પુત્રીઓના બરોબરની અધિકારી - સુપ્રીમ કોર્ટનો ચુકાદો
- અચ્છે દિન લાવવામાં મોદી બિલકુલ ફ્લોપ છે : રાહુલ
- ભારતને શસ્ત્ર આપવા પ્રશ્ને રશિયા હવે પાછળ થઇ ગયુ
- આનંદવિહાર અને બિજવાસન રેલવે સ્ટેશન આધુનિક બનશે
- આફ્રિકા સામે ટીમનું નેતૃત્વ કરવા વિરાટ કોહલી ઉત્સુક
- જંતરમંતર પર હવે અર્ધ લશ્કરી જવાનોના દેખાવ
- પંચાયત ચૂંટણીમાં સપાના અનેક મોટા માથાની હાર
- પંજાબના ખેડૂતો ચોથીથી ફરી આંદોલનના મૂડમાં
- શેરબજારમાં સતત છઠ્ઠા દિવસે મંદી : ૧૨૦ પોઇન્ટનો ઘટાડો
- શાહરૂખના જન્મ દિવસે પ્રશંસકોએ આપેલી શુભેચ્છા

# દિવાળી પર્વથી દવાઓ સસ્તી કરાશે

### દવાઓની કિંમત નિયંત્રિત કરનાર ઓથોરિટી દ્વારા ટૂંકમાં માર્કેટમાં આવનાર નવી દવાઓની કિંમત ઓછી થશે : સામાન્ય દર્દીઓને મોટી રાહત મળી શકે

### ડાયાબિટીસ, હાઈપરટેન્શન અને ન્યુમોનિયાની દવા સસ્તી કરવા નિર્ણય

નવી દિલ્હી,તા. ૨

ડાયાબિટીસ, હાઈપરટેન્શન અને ન્યુમોનિયા જેવા રોગની સારવાર માટે ઉપયોગ કરવામાં આવતી નવા દવાની કિંમત દિવાળી પર્વથી ઘટાડી દેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ડ્રગ પ્રાઈઝ રેગ્યુલેટર નેશનલ ફાર્મા પ્રાઈઝિંગ ઓથોરિટી દ્વારા આ નિર્ણય કરવામાં આવ્યો છે. જેથી આ તમામ દવા ઓછી કિંમત પર દર્દીને ઉપલબ્ધ કરાવવામાં આવનાર છે. જીવનજરૂરી દવાની ૧૮ નવી બ્રાન્ડની દવાની કિંમત ઘટાડી દેવામાં આવી છે. આ નવી બ્રાન્ડની દવા એક પખવાડિયામાં માર્કેટમાં લોંચ કરવામાં આવી રહી છે. રેગ્યુલેશને આ તમામ દવાને ડ્રગ્સ પ્રાઈઝ કન્ટ્રોલ ઓર્ડર (ડીપીસીઓ) હેઠળ આવરી લેવાનો નિર્ણય કર્યો છે. ડીપીસીઓના પેરાગ્રાફ પાંચનો ઉપયોગ કરીને પ્રાઈઝ રેગ્યુલેશન હેઠળ આ તમામ દવાને રેગ્યુલેટરે આવરી લીધી છે. સાથે સાથે આ કાસ થેરાપેટિક સેગ્મેન્ટમાં ઉપલબ્ધ તમામ દવાની એમઆરપીની સરેરાશ કિંમત મહત્તમ રિટેલ કિંમત રહેશે.

એનપીપીએ દ્વારા જે દવાની કિંમત અંકુશ હેઠળ લઈ લેવામાં આવી છે તેમાં સિપ્લ, ફ્રાન્કો ઈન્ડિયન, એલેમ્બિક ફાર્માનો સમાવેશ થાય છે. અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે નેશનલ ફાર્મા પ્રાઈઝિંગ ઓથોરિટી દ્વારા નક્કી કરવામાં આવનાર રિટેલ કિંમત કરતા વધારે કિંમત કોપિણ કંપની દ્વારા લેવામાં આવશે તો તેમની સામે કાર્યવાહી કરવામાં આવશે. આના માટે વ્યાજ સાથે ઓવરચાર્જ રકમ જમા કરાવી પડશે. રેગ્યુલેટર દ્વારા તેના નિવેદનમાં આ મુજબની વાત કરવામાં આવી છે.

નિવેદનમાં એમ પણ કહેવામાં આવ્યુ છે કે જો કંપની આ દવાનુ વેચાણ અથવા તો ઉત્પાદન બંધ કરવા માંગે છે તો તેના માટે કંપનીને છ મહિના પહેલાથી જ રેગ્યુલેટર પાસેથી પરવાનગી લેવી પડશે. કેટલીક અન્ય શરતો પણ લાગુ કરવામાં આવી છે.

તાજેતરમાં જ એક ઓર્ડરમાં એનપીપીએ દ્વારા ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે, જો કોઈ કંપની રિટેલ કિંમતોને લઈને બેદારકારી દાખવે છે તો તેમની સામે કાર્યવાહી કરવામાં આવશે. હાલમાં આશરે ફાર્મા માર્કેટ પૈકી ૩૦ ટકા હિસ્સો સરકારી ભાવ નિયંત્રણ હેઠળ આવે છે.

# ભારત વિશ્વમાં સૌથી મોટું શસ્ત્ર આયાતકાર

નવી દિલ્હી,તા. ૨

ભારત વિશ્વના સૌથી મોટા શસ્ત્ર આયાતકાર દેશ તરીકે રહ્યું છે. ભારતે શસ્ત્રોની મોટાપાયે ખરીદી કરી છે. નિરાશાજનક સંરક્ષણ ઈન્ડસ્ટ્રી નેટવર્કના પરિણામ સ્વરૂપે ભારતની આ હાલત રહી છે. સંરક્ષણના ક્ષેત્રમાં આત્મનિર્ભર બનવા માટે ભારત સરકારે વિવિધ પગલા લીધા હોવા છતાં હજુ પણ શસ્ત્ર આયાતના મામલામાં ભારત પ્રથમ ક્રમાંક પર છે. ભારત ૬૫ ટકાથી વધુ લશ્કરી હાર્ડવેર અને સોફ્ટવેરની આયાત કરે છે. ભારતે છેલ્લા ત્રણ વર્ષના ગાળામાં વિમાનો, હથિયારો અને મિસાઈલો સહિત ૮૩૪૫૮ કરોડની કિંમતના શસ્ત્રો ખરીદી લીધા છે. સૌથી જંગી ખરીદી અમેરિકા પાસેથી કરવામાં આવી છે. ભારતીય શસ્ત્ર આયાત ચીન અને પાકિસ્તાન કરતાં આશરે ત્રણગણી વધારે છે. સૌથી મોટા શસ્ત્ર આયાતકાર દેશોમાં બીજા અને ત્રીજા ક્રમાંક ઉપર ચીન અને પાકિસ્તાન પણ છે. પરંતુ ભારત આ બન્ને દેશો કરતાં ખૂબ આગળ રહ્યું છે. ભારતે ૨૦૦૭-૦૮ બાદથી અમેરિકા સાથે ૧૦ અબજ ડોલરની કિંમતના સંરક્ષણ સોદાઓ કર્યા છે. ભારત હવે અમેરિકા સાથે વધુ બે નવી સમજુતી કરવાની તૈયારીમાં છે.

# કોંગ્રેસને સહિષ્ણુતાના ઉપદેશ આપવાનો કોઈ અધિકાર નથી

### નીતીશ અને લાલૂની ઝાટકણી : ડ્રામાબાજીનો અંત લાવવાની જરૂર શીખોના કત્લેઆમની ઘટનાને સોનિયા ગાંધી ન ભુલે : મોદી



પુર્ણિયા,તા. ૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બિહારમાં પાંચમા અને અંતિમ તબક્કાના પાંચમી નવેમ્બરના દિવસે યોજાનાર મતદાન પહેલા આક્રમક પ્રચારનો દોર જારી રાખ્યો હતો. બિહારમાં આજે મોદીએ ફરી રેલીમાં કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી, મુખ્યમંત્રી નીતીશકુમાર અને આરજેડી નેતા લાલૂ યાદવ ઉપર તેજાબી પ્રહારો કર્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર

ખુશ ખબર.... ખુશ ખબર... ખુશ ખબર...
સ્થાપના : સન - ૧૯૮૨ || શ્રી હરિ ||
**ડી.પી. જ્વેલર્સ**
રજૂ કરે છે
ડી. પી. જ્વેલર્સના નવા શો-રૂમનું ત્રીજા વર્ષમાં મંગળ પ્રવેશ નિમિત્તે અમારા ખાસ માનવંતા ગ્રાહકોને 'પુષ્ય નક્ષત્ર'ના દિવસે લાભ લેવા તારીખ 3/૧૧/૨૦૧૫ને મંગળવારના દિવસે ખાસ ઓફર રાખેલ છે. તો તેનો લાભ લેવા ખાસ પધારજો....
● ચાંદીની ફેન્સી પગની સેરો (પાયલ), જુડા અને કંદોરા વગર મજૂરીએ આપવામાં આવશે.
● ગ્રાહકે માત્ર ચાંદીના રૂપિયા ચૂકવવાના રહેશે.



આ ઓફર માત્ર તા. 3/૧૧/૨૦૧૫ માટે જ માન્ય રહેશે.
વહેલા તે પહેલાના ધોરણે આ ઓફરનો લાભ લેવા પધારજો.
(સ્ટોક હશે ત્યાં સુધી લાભ મળશે.)
ડી. પી. જ્વેલર્સ
રામજી મંદિર પાસે, વાવોલ, ગાંધીનગર

# સેક્ટર-૨૨માંથી ડેન્ગ્યુના બે કેસ મળ્યા

### શહેરમાં ડેન્ગ્યુના પોઝીટીવ કેસોની સંખ્યા ૬૦ને પાર કરી ગઈ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરના સે. ૨૨માંથી ડેન્ગ્યુના બે પોઝીટીવ કેસ મળી આવતાં જ મેલેરિયા તંત્ર હરકતમાં આવ્યું છે.

ગાંધીનગર શહેરમા હજુ પણ ડેન્ગ્યુના છુટા છવાયા કેસો જે રીતે મળી આવ્યા છે તેને લઈ તંત્ર વધુ ચિંતીત બન્યું છે. સે. ૨૨માં મળેલા બન્ને કેસો ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

મળતી વિગતો પ્રમાણે એક દર્દી ગાંધીનગર નજીકની એક ખાનગી ઈજનેરી વિદ્યાશાખામાં અભ્યાસ કરે છે. જ્યારે બીજો યુવાન વાણિજ્ય ક્ષેત્ર સાથે સંકળાયેલો હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેરમાંથી ડેન્ગ્યુ ફેલાવતા મચ્છરોના બ્રિડીંગ અને છુટાછવાયા કેસો જે મળી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે.

મળતી બિનસત્તાવાર વિગતો પ્રમાણે ગાંધીનગર સિવિલ

● અનુસંધાન પાન-૭ પર










